## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આ સાલો કહે છે કે... મે મારા ટીચરની એફબી પ્રોફાઈલ અને ટીચરનાં ફ્રેન્ડ જોયા બાદ નક્કી કર્યું કે આની પાસે ભણાય નહીં... માટે ટીચરને બ્લોક કરી દીધી...!!



આપણા દેશ અને પ્રદેશે કાળની અનેક થપાટો સહી છે. પૂર, ભૂકંપ કે વાવાઝોડુ જેવી કુદરતી આફતો હોય કે આતંકવાદી હુમલા જેવી માનવસર્જિત આફતો હોય કે પછી મંદી હોય... તમામ આફતો-મુસીબતોમાંથી આપણે આબાદ બહાર આવી ગયા છીએ, પરંતુ કોરોનાના કહેરે તો આપણી આર્થિક વ્યવસ્થાને છીન્નભીન્ન કરી નાંખી છે. આર્થિક મોરચે સૌ કોઈ ઝઝુમી રહ્યા છે. લોકો પાસે પૈસા નથી અને જેની પાસે છે તેઓ ખર્ચતા નથી. નાના વેપારીથી લઈને મોટા બીઝનેસમેન તમામે તમામ હાલમાં સંઘર્ષ, કરી રહ્યા છે. રસ્તા પર સાઈકલ લઈ ફુગ્ગા જેવી વસ્તુઓ વેચતો આ ફેરીયો પણ મંદી અનુભવી રહ્યો છે. બાળકો ઘરની બહાર જ નીકળતા ન હોઈ ફુગ્ગાના કોઈ ખરીદનાર જ નથી. કેવી વિકટ પરિસ્થિતિ આવી છે. ઈશ્વર આપણને આ સ્થિતિમાંથી ઝડપથી બહાર નીકાળે તેવી પ્રાર્થના.

## ગાંધીનગરમાં બેરોજગારોનું આંદોલન

કોરોના વાયરસ વચ્ચે હવે ધીમે-ધીમે સ્થિતિ સામાન્ય થઈ રહી છે. અનલોક-૨માં પ્રવેશ કરી લીધો છે ત્યારે ફરી રાજ્યમાં આંદોલન શરૂ થવાના ભણકારા વાગી રહ્યાં છે. આવતીલાકથી ગાંધીનગરમાં શિક્ષિત બેરોજગાર યુવાનો એકત્ર થાય તેવી શક્યતાઓ છે. રાજ્યમાં સરકારી નોકરીમાં ભરતી, નિમણૂક પત્ર આપવા સહિતના મુદ્દે મોટી સંખ્યામાં ગાંધીનગરમાં શિક્ષિત બેરોજગારો ભેગા થઈ શકે છે. તો શિક્ષિત બેરોજગારોના સંભવિત આંદોલનને લઈને રાજ્ય સરકારની પણ ચિંતા વધી ગઈ છે. મોટી સંખ્યામાં ઉમેદવારો ભેગા થવાની શક્યતાને જોઈને એક જીઈૅહ્વ ની કંપની બંદોબસ્ત માટે ફાળવી દેવામાં આવી છે. જવાનોએ સત્યાગ્રહ છાવણી ખાતે રિહર્સલ પણ કર્યું છે. ૧૫૦૦થી વધુ પોલીસ જવાનો બંદોબસ્ત ગાંધીનગરમાં ખડકી દેવામાં આવ્યા છે.

# બોરીજમાંથી જુગાર રમતા આઠ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના બોરીજ ગામે સાબરમતિ નદીના કોતરોમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૮ શકુનીઓ એલસીબી-૨ પોલીસના હાથે રંગેહાથ ઝડપાયા છે. પોલીસની રેઈડ પગલે થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૪૫,૦૬૦, ૧૦ મોબાઈલ ફોન કિં.૧૮ હજાર, અને ત્રણ વાહનો કિં.૧,૭૫,૦૦૦ મળીને કુલ રૂ. ૨,૩૮,૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે જુગારધારા હેઠળ અને એપીડેમીક એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે સાથે રહેલા પો.કો ભવાનસિંહ અને રવિન્દ્રસિંહને સંયુકત રીતે બોરીજમાં જુગાર અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે બોરીજ વચલા પરામાંથી નદી તરફ જવાના માર્ગ પર ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૮ શકુનીઓને એલીસીબી-૨ એ પકડી પાડ્યા હતા. પોલીસે આઠ જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૫,૦૬૦, ૧૦ મોબાઈલ ફોન કિં.૧૮,૦૦૦, જુગારીઓના બે બાઈક અને ઈકો ગાડી સહિત ત્રણ વાહનો કિં.રૂ.૧,૭૫,૦૦૦ હજાર મળીને કુલ રૂ.૨,૩૮,૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ શરુ કરી છે.

**બોરીજથી જુગાર રમતા ઝડપાયેલા જુગારીઓ**

અરવિંદજી બાબુજી ઠાકોર રહે, બોરીજ તા.જી.ગાંધીનગર
દિપક કમલેશભાઈ ચક્રવતિ રહે.ચાંદલોડીયા અમદાવાદ
કાનજીભાઈ મોહનભાઈ દેસાઈ રહે. સેકટર-૨૬ ગ્રીનસીટી
કપ્તાનસીંગ રામનાથ યાદર રહે. ચાંદલોડીયા અમદાવાદ
ગીરીરાજ રામપ્યારે ઓઝા રહે. ચાણક્યપુરી અમદાવાદ
દિપેન્દ્ર લચ્છીરામ કુશ્વાહા રહે બોરીજ તા.જી.ગાંધીનગર
અમુલસીંગ દોલતરામ વિશ્વકર્મા રહે.ચાંદલોડીયા અમદાવાદ
શિવકુમાર વિશ્વભરસીંગ યાદવ રહે. ચાણક્યપુરી અમદાવાદ



## ખૂણેખાંચરેથી

- રાજયના પંચાયત વિભાગ દ્વારા પંચાયતોની વિવિધ વિગતો સાથેની ડિરેકટરી તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.
- કુડાસણના સર્વિસ રોડ પર થયેલા ગેરકાયદે દબાણો મામલતદાર કચેરી દ્વારા ખુલ્લા કરાયા છે.
- જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાની લાગણીનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.
- રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૩૧-૭-૨૦૨૦ સુધી સરકારી કચેરીઓમાં મુલાકાતીઓ પર પ્રવેશ લંબાવ્યો છે. તેમજ કર્મચારીઓની હાજરી અંગે પણ સ્ટેગર્ડ ટાઈમીંગની નીતિનો અમલ કરવાની સૂચનાઓ જારી કરી છે.
- આજે રવિવારની રજા હોવા છતાં ગાંધીનગરમાં મહત્વના માર્ગો પર સતત ટ્રાફિક જોવા મળ્યો હતો.
- માસ્ક ન પહેરવાને લઈ પોલીસ તંત્રએ દંડનીય કાર્યવાહી સઘન બનાવી છે.
- ગાંધીનગર સે-૨૧ ખાતે આવેલ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજથી હિંડોળાનો પ્રારંભ થશે જે ૫મી ઓગષ્ટ સુધી ચાલશે.

# શહેરના વિવિધ ક્ષેત્રના ગુરૂઓના શિષ્યોએ “ઓનલાઈન” આશિર્વાદ મેળવ્યાં

### ગુરૂપૂર્ણિમાની અનોખી ઓનલાઈન ઉજવણીમાં ભૂતકાળના સંસ્મરણો યાદ કરી ગુરૂ-શિષ્યો ભાવ વિભોર બન્યાં

ગાંધીનગર, તા. ૫







ગાંધીનગરમાં આજે ગુરૂપૂર્ણિમાની ઉજવણી ભલે મંદિરો કે ધાર્મિક સ્થળો પર ફિક્કી જણાઈ હોય પરંતુ આ પાવન પર્વને નાગરિકોએ એજ આસ્થા અને અહોભાવ સાથે “ઓનલાઈન” ઉજવ્યું હતુ. શહેરમાં વિવિધ ક્ષેત્રના શિક્ષકોએ તેમના શિષ્યોને આજે સ્માર્ટ ફોનના સહારે ઓનલાઈન આશિર્વાદ પાઠવ્યા હતા અને શિષ્યોએ પણ ગુરૂજીની ઓનલાઈન ભાવ વંદના કરી પોતાના સંસ્મરણોને તાજા કર્યા હતા.

ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમાની યોજાયેલી “ઓનલાઈન” ઉજવણીમાં જે શિક્ષકો જોડાયાં હતા તેમાં કડી કેમ્પસના કૌશલ્યાબેન ગાંધીનગરથી, શોભનાબેન અમદાવાદથી, રશ્મિબેન લંડનથી, પ્રભુસર, નટુભાઈ લાડાણી, ઝેવિયર્સ સ્કૂલના વીણાબેન, જીઈબી કોલોની સ્કૂલના દિવાકર પંડ્યા, સે. ૧૬ માધ્યમિક શાળાના જગતસિંહ ઝાલા, મહિલા સિવણ કલાસના સુમનબેન, નાટ્ય ગુરૂ કુંતલ નિમાવત, કથ્થક ગુરૂ ગાર્ગી પસારી ઠક્કર, કરાટે કોચ પ્રજ્ઞેશ મેસરિયા, ક્રિકેટ કોચ ક્રિષ્ણરાજસિંહ વગેરે ગાંધીનગરથી જોડાયાં હતા. આ તમામ શિક્ષકો-ગુરૂઓએ પોતાના શિષ્યોને વર્ષો પછી જોયાં અને એકબીજા સાથે વાતો કરતાં ભૂતકાળની ખાટી-મીઠી યાદોને તાજી કરી હતી. આ દરમિયાન ગુરૂઓ-શિષ્યો અનેકવાર ભાવવિભોર થઈ ગયા હતા અને અંતે સૌને ગુરૂપૂર્ણિમાની યથાર્થ ઉજવણી કર્યાનો સંતોષ પ્રાપ્ત થયો હતો.

## માણસામાંથી વરલી-મટકાનો જુગાર રમાડતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર જિલ્લાના માણસા શહેરના નવા ટાવર પાસે આવેલા વિહોલવાસમાં એલસીબી પોલીસે રેઈડ પાડી વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે શખ્સો પાસેથી રૂ.૧૬,૧૪૦ તેમજ વરલી મટકાનું સાહિત્ય કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ માણસામાં નવા ટાવર નજીક વિહોલ વાસમાં રહેતા પ્રવિણસિંહ પ્રતાપસિંહ વિહોલ (રહે. વિહોલ વાસ માણસા) અને રમેશગીરી અમરતગીરી બાવા (રહે.ધોળાકુવા પટેલ વાસ તા.માણસા)ને ઝડપી પાડ્યા હતા. આ ઈસમો પાસેથી પોલીસે વરલી મટકાનું સાહિત્ય તેમજ રોકડ રૂ.૧૬,૧૪૦ કબ્જે કરી તેમની સામે માણસા પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

## વાવોલમાં મંદિરોને સેનેટાઈઝેશન કરી ગુરૂપૂર્ણિમાની અનોખી ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૫

આજે ગુરૂપૂર્ણિમાનું પવિત્ર પર્વ હતુ પરંતુ કોરોના મહામારીને કારણે કોઈ સ્થળે તેની જાહેર ઉજવણીના આયોજન કરવામાં આવ્યાં નહોતા. વાવોલમાં સ્વામી વિવેકાનંદ વસાહત મંડળ દ્વારા આ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગામના તમામ ધાર્મિક સ્થળોને સેનેટાઈઝેશન કરવા સાથે જે સોસાયટીઓમાં કોરોના વાયરસ સંક્રમણના કેસ હતા ત્યાં પણ સેનેટાઈઝેશન કરવામાં આવ્યું હતું.

વાવોલના સ્વામી વિવેકાનંદ વસાહત મંડળના પ્રમુખ શૈલેષભાઈ પટેલ દ્વારા આ સેનેટાઈઝેશન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ સુપ્રસિદ્ધ રામધામથી મહંત પૂ. મધુસૂદનદાસજી મહારાજના આશિર્વાદ લઈને કરવામાં આવ્યો હતો. રામધામ ઉપરાંત વાવોલના મહાકાળી મંદિર, વારાહી મંદિર, સિદ્ધનાથ મહાદેવ, વિહતધામ, અંબાજી મંદિર, નરનારાયણ મંદિર, રામદેવ પીર અને સ્વામિનારાયણ મંદિર સહિત ગામના તમામ નાના-મોટા મંદિરોને આજે સેનેટાઈઝ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત વાવોલની જે સોસાયટીઓમાં કોરોના પોઝિટિવ કેસો નોંધાયા હતા તેને પણ સેનેટાઈઝ કરવામાં આવી હતી.



આ કાર્યમાં વાવોલના ભાજપ અગ્રણીઓ દિલીપસિંહ ગોલ અને મહિપતભાઈ મિસ્ત્રી ઉપરાંત મંડળના સભ્યો લાલભાઈ પટેલ, અતુલભાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, ઘનશ્યામસિંહ ગોલ, દિનેશભાઈ પ્રજાપતિ, દિલીપભાઈ ત્રિવેદી, પ્રદિપસિંહ, રમેશભાઈ રાવળ, મનુભાઈ બારોટ વગેરે ઉપસ્થિત રહી ગુરૂપૂર્ણિમાની આ અનોખી ઉજવણીમાં જોડાયા હતા.

# હું ભારતની એક ઈંચ ભૂમિ બીજાના હાથમાં જવા દેવા માગતો નથી, કાશ્મીર હમારા હૈ




“તમે જે કામ કરો તે સારી રીતે કરો. આ કામને અધુરું ના છોડો. શરુ કરેલા કામને ત્યાં સુધી કરતાં રહો જ્યાં સુધી તમને સંતોષ ન મળે. તમારી અંદર અનુશાસન અને સહનશીલતા લાવો. બીજાની અંદરના દોષ કાઢવાથી એ સારું છે કે તમે તમારા વિરોધીઓએ કહેલી સારી બાબતોની સરાહના કરો.” --- આ શબ્દો બીજા કોઈના નહીં પરંતુ દેશભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુકરજીના છે. આજે આપણે જે ભારતીય જનતા પાર્ટી જોઈએ છીએ તે હકીકતમાં તો જનસંઘના વિલયમાંથી ઉભી થયેલી પાર્ટી છે. આ જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી જમ્મુ-કાશ્મીરને ભારતનો અભિન્ન હિસ્સો બનાવવા માટે સતત લડતા રહ્યાં હતા. ડૉ. મુકરજી ભારત માટે શહીદ થયાં અને ભારતે એક એવો વ્યક્તિ ખોઈ દીધો કે જે રાજનીતિને નવીદિશા પ્રદાન કરી શકતો હતો. તેઓ હંમેશા કહેતા કે આપણે સાંસ્કૃતિત દ્રષ્ટીથી એક છીએ તેથી ધર્મના આધાર પર કોઈપણ પ્રકારનું વિભાજન થવું ન જોઈએ. તેમની જનસભામાં તેઓ કહેતા કે – “નહેરુજીએ એક તૃતિયાંસ કાશ્મીર પાકિસ્તાનને પહેલેથી ભેટ આપી દીધું છે. હું એક ઈંચ ભારતની ભૂમિ કોઈ બીજાના હાથમાં જવા દેવા માગતો નથી.”

**નહેરુને ખ્યાલ આવ્યો કે તેમણે ભૂલ કરી છે ત્યારે તેમણે સંસદમાં મુખરજીની માફી માગી હતી**

**લંડનથી બેરિસ્ટર બનીને પાછા આવ્યા હતા...**

૬ઠ્ઠી જુલાઈ ૧૯૦૧માં કોલકત્તાના અત્યંત પ્રતિષ્ઠિત પરિવારમાં શ્યામાપ્રસાદનો જન્મ થયો હતો. તેમના પિતા આશુતોષ મુકરજી બહુમુખી પ્રતિભાવંત અને શિક્ષણવિદ્દ હતા. ડૉ. મુકરજીએ ૧૯૧૭માં મેટ્રીક કર્યું અને ત્યારબાદ ૧૯૨૧માં બીએની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. ૧૯૨૩માં તેમણે કાયદાની ડીગ્રી મેળવી હતી અને વિદેશ જતા રહ્યાં હતા. તેમનું ધ્યાન ગણિત તરફ વધારે હતું તેથી તેના અભ્યાસ માટે તેઓ વિદેશ ગયા હતા જ્યાં લંડન મેથેમેટીકલ સોસાયટીએ તેમને સન્માનનિય સદસ્ય બનાવ્યા હતા. લંડનથી બેરિસ્ટર બનીને પાછા આવ્યા પછી તેમણે વકીલાત અને કોલકત્તા વિશ્વવિદ્યાલયની સેવા શરુ કરી દીધી હતી.

**૩૩ વર્ષની વયે વિશ્વવિદ્યાલયના કુલપતિ બન્યાં...**

૧૯૨૬માં ઈંગ્લેન્ડમાં બેરિસ્ટર બનીને તેઓ ભારતમાં પાછા આવ્યા અને તેમના પિતાનું અનુસરણ કરી તેમણે નાની ઉંમરમાં વિધ્યાલય ક્ષેત્રમાં ઉલ્લેખનીય સફળતા પ્રાપ્ત કરી હતી. ૩૩ વર્ષની ઉંમરમાં તેઓ કોલકત્તા વિશ્વવિદ્યાલયના કુલપતિ બની ગયા હતા. ડૉ. મુકરજીએ સ્વેચ્છાએ અલખ જગાવવા ઉદ્દેશ સાથે રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. તેઓ સાચા અર્થમાં માનવતાના ઉપાસક અને સિદ્ધાંતવાદી હતા. આ સમયે સાવરકરના રાષ્ટ્રવાદથી તેઓ પ્રભાવિત થયાં હતા અને હિન્દુ મહાસભામાં શામેલ થયા હતા. મુસ્લિમ લીગની રાજનીતિથી બંગાળનું વાતાવરણ દૂષિત થઈ રહ્યું હતું. સાંપ્રદાયિક લોકોને બ્રિટીશ સરકાર પ્રોત્સાહન આપતી હતી. આવી વિષમ પરિસ્થિતમાં તેમણે બંગાળના હિન્દુઓ માટે અભિયાન શરુ કર્યું હતું. જ્યારે બ્રિટીશ સરકારની ભારતના વિભાજનની યોજનાનો કોંગ્રેસના નેતાઓએ સ્વિકાર કર્યો ત્યારે ડૉ. શ્યામાપ્રસાદે બંગાળ અને પંજાબના વિભાજનની પણ માંગણી ઉઠાવીને પ્રસ્તાવિત પાકિસ્તાનનું વિભાજન કરાવ્યું અને અડધું બંગાળ અને અડધું પંજાબ ખંડિત ભારત માટે બચાવી લીધું હતું. તેઓ ભારતને અભિન્ન અંગ બનાવવા માગતા હતા. તેમણે સંસદમાં કહ્યું હતું કે – રાષ્ટ્રીય એકતાની ધરતી પર જ સોનેરી ભારતના ભવિષ્યની ઈંટ રાખી શકાશે.

**હિન્દુઓની હાનિ થતાં કોંગ્રેસની નીતિનો વિરોધ...**

તેમણે ૧૯૩૯માં રાજનીતિમાં ભાગ લીધો હતો અને આજીવન તેમાં રહ્યાં હતા. હિન્દુઓને હાનિ શરુ થતાં તેમણે કોંગ્રેસની નીતિનો વિરોધ કર્યો હતો. તેમણે નહેરુની તુષ્ટિકરણની નીતિનો ખોલીને વિરોધ કર્યો હતો. ઓગષ્ટ ૧૯૪૭માં સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં તેમને બિન કોંગ્રેસી મંત્રી બનાવવામાં આવ્યા હતા. તેમના સહયોગથી હૈદરાબાદ નિઝામને ભારતમાં વિલિન થવું પડ્યું હતું. ૧૯૫૦માં ભારતની દશા ખરાબ હતી. આ દશા જોઈને તેમને આઘાત લાગ્યો હતો. કાશ્મીરનો ભારતમાં વિલય કરવા માટે લડતા રહ્યાં. તેમણે જમ્મુની પ્રજા પરિષદ પાર્ટી સાથે મળીને આંદોલન શરુ કર્યું હતું. ૮મી મે ૧૯૫૩માં તેમણે જમ્મુ માટે કૂચ કરી હતી. સીમા પ્રવેશ પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૪૦ દિવસ સુધી તેઓ જેલમાં બંધ રહ્યાં હતા અને ૨૩મી જૂન ૧૯૫૩માં તેમનું રહસ્યમય મોત થયું હતું. બંગાળે અનેક ક્રાન્તિકારીઓને જન્મ આપ્યો છે જેમાં શ્યામાપ્રસાદ મુકરજી એક હતા. મુકરજીના માતા જોગમાયા દેવીએ નહેરુને મોતની તપાસ કરવા માટે કહ્યું હતું ત્યારે નહેરુએ કહ્યું હતું કે બિમારીના કારણે તેઓનું અવસાન થયું છે. તેમના મોત પાછળ કોઈ રહસ્ય નથી.

**ધર્મના આધારે વિભાજનના કટ્ટર વિરોધી હતા...**

**કાશ્મીર મુદ્દે તેમનો નારો હતો કે, “એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે”**

ડૉ. મુકરજી માનતા હતા કે સાંસ્કૃતિક દ્રષ્ટીએ આપણે બધાં એક છીએ તેથી તેઓ ધર્મના આધારે વિભાજન કરવાના કટ્ટર વિરોધી હતી. તેઓ માનતા હતા કે એક જ ભાષા અને એક જ સંસ્કૃતિ આપણી વિરાસત છે, જો કે તેમના વિચારોને અન્ય પાર્ટીઓએ બીજા અર્થમાં લીધા હોવા છતાં લોકોના દિલમાં તેમના માટે પ્રેમ અને સમર્થન વધતું રહ્યું હતું. ઓગષ્ટ ૧૯૪૬માં મુસ્લિમ લીગે જંગનો રસ્તો પકડ્યો અને કોલકત્તામાં બર્બરતા પૂર્વક અમાનવીય ઘટનાઓ બની હતી. મહાત્મા ગાંધી અને સરદાર પટેલના અનુરોધથી તેઓ ભારતના પહેલા મંત્રીમંડળમાં સામેલ થયા હતા. તેમણે ઉદ્યોગ વિભાગની જવાબદારી સંભાળી હતી પરંતુ તેમના રાષ્ટ્રવાદી વિચારોના કારણે અન્ય નેતાઓ સાથે મતભેદો થયાં હતા. રાષ્ટ્રીય હિતોની પ્રતિબદ્ધતાને પ્રાથમિકતા આપીને તેમણે મંત્રીમંડળમાંથી રાજીનામું આપી દીધું હતું અને એક નવી પાર્ટી બનાવી હતી. ભારતીય જનસંઘ એ નાની પાર્ટી હતી પરંતુ તેની નેતૃત્વ ક્ષમતા માટે સંસદમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક દળનું ગઠન કરવામાં આવ્યું હતું જેમાં ગણતંત્ર પરિષદ, અકાલી દળ, હિન્દુ મહાસભા સહિતના દળો સામેલ હતા.

**જમ્મુ-કાશ્મિરને ભારતનું અંગ બનાવવા લડ્યાં...**

ડૉ. મુકરજી જમ્મુ-કાશ્મીરને ભારતનું પૂર્ણ અભિન્ન અંગ બનાવવા માગતા હતા. તે સમયે જમ્મુ-કાશ્મીરમાં અલગ ઝંડો અને અલગ સંવિધાન હતું. ત્યાંના મુખ્યમંત્રી (વજીરે આઝમ) પ્રધાનમંત્રી કહેવાતા હતા. સંસદમાં તેમના ભાષણમાં ડૉ. મુકરજીએ કલમ ૩૭૦ને સમાપ્ત કરવાની જોરદાર વકીલાત કરી હતી. ઓગષ્ટ ૧૯૫૨માં જમ્મુની વિશાળ રેલીમાં તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે— “ક્યાં તો હું આપને ભારતીય સંવિધાન પ્રાપ્ત કરાવીશ અથવા તો આ ઉદ્દેશની પૂર્તિ માટે હું મારા જીવનનું બલિદાન આપી દઈશ.” તેમણે તત્કાલિન નહેરુ સરકારને ચેતવણી આપી હતી અને તેમના નિશ્ચય પર અટલ રહ્યાં હતા. તેમનો સંકલ્પ પૂર્ણ કરવા માટે તેઓ ૧૯૫૩માં પરમિશન વિના જમ્મુ-કાશ્મીરની યાત્રાએ નિકળી પડ્યાં હતા.

**ડૉ. શ્યામાપ્રસાદ કહેતા કે, રાષ્ટ્રીય એકતાની ધરતી પર દેશના ભવિષ્યની ઇંટ રાખી શકાશે**

**મંજૂરી વિના જમ્મુ ગયા અને ધરપકડ થઇ...**

શ્યામાપ્રસાદ મુકરજી બંધારણની કલમ ૩૭૦ના સ્પષ્ટ વિરોધી હતા. તેઓ ઈચ્છતા હતા કે કાશ્મીર સમગ્રરીતે ભારતનો હિસ્સો બને અને અન્ય રાજ્યોની જેમ સમાન કાયદો લાગુ હોય. તેમણે ૩૭૦ની કલમ સામે અવાજ ઉઠાવ્યો હતો. કાશ્મીરના મુદ્દે તેઓ કહેતા કે એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે. તેમણે કાશ્મીરને વિશેષ દરજ્જો આપવા અને અલગ ઝંડો રાખવાનો વિરોધ કર્યો હતો. તેઓ ઈચ્છતા હતા કે કાશ્મીરમાં આવવા-જવા માટે કોઈની પરવાનગી લેવાની ના હોય. ૧૯૫૩માં ૮મી મે ના રોજ કોઈની પરવાનગી વિના તેઓ દિલ્હીથી કાશ્મીર જવા નિકળી પડ્યા હતા. બે દિવસ પછી જલંધરમાં તેમણે કહ્યું કે અમે જમ્મુ-કાશ્મીરમાં કોઈ પરવાનગરી વગર જઈ શકીએ છીએ, એ અમારો મૂળભૂત અધિકાર હોવો જોઈએ. ૧૧મી મે ના રોજ શ્રીનગરમાં તેમની ધરપકડ થઈ હતી અને જેલમાં રાખવામાં આવ્યા હતા.

**નહેરુ સાથે મતભેદ થતાં મંત્રી પદેથી ત્યાગપત્ર...**

તે સમયે વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે તેમને અનેક અનેક મતભેદો હતા. જ્યારે નહેરુ અને પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકત અલી વચ્ચે સમજૂતી થઈ ત્યારે આ મતભેદો તીવ્ર બન્યાં હતા. આ સમજૂતી પછી તેમણે ૬ઠ્ઠી એપ્રિલ ૧૯૫૦માં મંત્રીમંડળમાંથી રાજીનામું આપી દીધું હતું. તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ગુરુ ગોલવેલકર સાથે પરામર્થ કરીને ૨૧મી ઓક્ટોબર ૧૯૫૦માં રાષ્ટ્રીય જનસંઘની સ્થાપના કરી હતી. આ જનસંઘનો પાછળથી જનતા પાર્ટીમાં વિલય થયો અને ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીનું અસ્તિત્વ શરુ થયું હતું, જે આજે ભાજપના ટૂંકાનામે ઓળખાય છે. ૧૯૫૧-૫૨ની સામાન્ય ચૂંટણીમાં રાષ્ટ્રીય જનસંઘના ત્રણ ઉમેદવારો સંસદસભ્ય તરીકે ચૂંટાયા, જેમાં એક શ્યામાપ્રસાદ મુખરજી પણ હતા.

**જવાહરલાલ નહેરુએ તેમની માફી માગી હતી...**

સામાન્ય ચૂંટણી પછી દિલ્હી નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ અને જનસંઘ વચ્ચે ટક્કર થઈ હતી. આ માહોલ વચ્ચે સંસદમાં બોલતી વખતે મુખરજીએ કોંગ્રેસ પાર્ટી પર ચૂંટણી જીતવા વાઈન અને મનીનો ઉપયોગ થયો હોવાનો આરોપ મૂક્યો ત્યારે જવાહરલાલ નહેરુએ તેમનો ખૂબ વિરોધ કર્યો હતો. નહેરુ એવું સમજ્યાં કે મુકરજીએ વાઈન અને વુમન કહ્યું છે તેથી તેમણે ઉભા થઈને આક્રમક વિરોધ કર્યો હતો. જો કે મુખરજીએ તેમના નિવેદનને વળગીને કહ્યું કે અધિકૃત રેકોર્ડ તપાસી જુઓ કે મેં શું કહ્યું છે... જ્યારે નહેરુને ખ્યાલ આવ્યો કે તેમણે ભૂલ કરી છે ત્યારે તેમણે સભાગૃહમાં ઉભા થઈને મુખરજીની માફી માગી હતી. આ માફી પછી મુકરજીએ કહ્યું હતું કે માફી માગવાની કોઈ જરુર નથી. હું બસ એટલું કહેવા માગું છું કે હું ખોટી નિવેદનબાજી નહીં કરું...

**મોદીએ સાચા અર્થમાં તેમને અંજલિ આપી છે...**

ભારતના બીજા રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના ઘડતરમાં શ્યામાપ્રસાદ મુખરજી મુખ્ય પ્રેરણાસ્ત્રોત હતા. તેમણે ડૉ. મુખરજીના અવસાનને ખરી શહીદી ગણાવતાં કહ્યું હતું કે, સાર્વજનિક જીવનમાં શ્યામાપ્રસાદ પોતાની આંતરિક પ્રતિબદ્ધતાઓને પ્રગટ કરવામાં ક્યારેય ડરતા ન હતા. ભારતના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનું કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર કરવાનું સપનું ૪૦ વર્ષ પછી પૂરું કર્યું છે. મોદીનો આ ઐતિહાસિક નિર્ણય જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.